Test Booklet No.
परीक्षा पुस्तिका संख्या

16754

This booklet contains 20 pages.
इस पुस्तिका में 20 पृष्ठ हैं ।

# JBC – 12A

**PAPER I / प्रश्न-पत्र I**
**PART IV & V / भाग IV & V**
**Gujarati Language Supplement**
**गुजराती भाषा परिशिष्ट**

Test Booklet Code
परीक्षा पुस्तिका संकेत

**F**

**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए ।**
**Read carefully the Instructions on the Back Cover (Page 19 & 20) of this Test Booklet.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 19 व 20) पर दिए निर्देशों को ध्यान से पढ़ें ।**

**For instructions in Gujarati see Page 2 of this booklet. / गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें ।**

## *INSTRUCTIONS FOR CANDIDATES*

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Parts I, II, III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Blue / Black Ball Point Pen only** for writing particulars on this page / marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **F**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part IV : Language I – (Gujarati) *(Q. 91 to Q. 120)*
   Part V : Language II – (Gujarati) *(Q. 121 to Q. 150)*
7. Part IV contains 30 questions for Language I and Part V contains 30 questions for Language II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language I and/or Language II is a language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The languages being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part V (Language II) in a language other than the one chosen as Language I (in Part IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

## *परीक्षार्थियों के लिए निर्देश*

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो **या** तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं** ।
2. परीक्षार्थी भाग I, II, III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से ।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं । भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं ।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल नीले/काले बॉल पॉइंट पेन** का प्रयोग करें ।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **F**. यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ-2** एवं मुख्य प्रश्न पुस्तिका पर छपे संकेत से मिलता है । अगर यह भिन्न हो तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग IV : भाषा I — (गुजराती) *(प्र. 91 से प्र. 120)*
   भाग V : भाषा II — (गुजराती) *(प्र. 121 से प्र. 150)*
7. भाग IV में भाषा I के लिए 30 प्रश्न और भाग V में भाषा II के लिए 30 प्रश्न दिए गए हैं । इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं । **यदि भाषा I और/या भाषा II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए । जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिएँ।**
8. **परीक्षार्थी भाग V (भाषा II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा I (भाग IV) में चुनी गई भाषा से भिन्न हो ।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें ।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें । अपने उत्तर ध्यानपूर्वक अंकित करें । उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है ।

Name of the Candidate (in Capitals) : ____________________
परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) :
Roll Number (अनुक्रमांक) : in figures (अंकों में) ____________________
: in words (शब्दों में) ____________________
Centre of Examination (in Capitals) : ____________________
परीक्षा केन्द्र (बड़े अक्षरों में ) :
Candidate's Signature : ____________________ Invigilator's Signature : ____________________
परीक्षार्थी के हस्ताक्षर : निरीक्षक के हस्ताक्षर :
Facsimile signature stamp of Centre Superintendent ____________________

SEAL

આ પુસ્તિકમાં 20 પાનાં છે.

પરીક્ષા પુસ્તિકા સંકેત **F**

# JBC – 12A
## પેપર I
## ભાગ IV & V
## ગુજરાતી ભાષા પરિશિષ્ટ

**આ પરીક્ષા પુસ્તિકા ને કહેવા પહેલા ખોલવું નહિ.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળ ના આવરણમાં (19 & 20) આપેલા નિર્દેશો ને ધ્યાન થી વાંચો.**

***પરીક્ષાર્થિયો માટે દિશા નિર્દેશ:***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકા નું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) અથવા ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત એકજ.
2. પરીક્ષાર્થી ભાગ I, II, III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રજી અને હિન્દી ભાષા ના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકા ના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોં ને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લૂ/કાળા બૉલ પાઇંટ પેન નોજ પ્રયોગ કરી શકે છે.**
5. આ ભાષા પુસ્તિકા નો સંકેત (code) છે **F**. આ વાતની ખાતરી કરી લેવીકિ ભાષા પરિશિષ્ટ પુસ્તિકા નો સંકેત, ઉત્તર પત્ર ના પૃષ્ઠ-2 અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેત થી મેળ થાય છે કે નહિ. જોતે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષક ને તરતજ સૂચિત કરે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ 60 વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :
   ભાગ IV : ભાષા I -- (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ V : ભાષા II -- (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ IV માં ભાષા I માટે 30 પ્રશ્ન અને ભાગ V માં ભાષા II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાય ની છે તો આપને ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓ ના પ્રશ્નો ના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્ર માં ચયન કરેલ ભાષા થી અવશ્ય મેળ ખાવી જોઇએ.**
8. **પરીક્ષાર્થી ભાગ V (ભાષા II) માટે ભાષા સૂચી માંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકા માં આપેલ ખાલી જગ્યામાં જ કરવો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરો માં) : ______________________

અનુક્રમાંક : અંકોં માં ______________________

: શબ્દોં માં ______________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરો માં) : ______________________

પરીક્ષાર્થી દસ્તખત : ______________ નિરીક્ષક દસ્તખત ______________

Facsimile signature stamp of
Centre Superintendent ______________________

પરીક્ષાર્થી નિમ્ન ભાગ ના સવાલો ના જવાબ ત્યારે જ આપે જયારે તેમને ભાષા - I નું વિકલ્પ ગુજરાતી ચયનીત કર્યો હોય.

# ભાગ IV
## ભાષા I
## ગુજરાતી

*દિશા-નિર્દેશ : નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોનામાંથી યોગ્ય પર્યાય પસંદ કરી ઉત્તર આપો (પ્રશ્નો 91 થી 96).*

તારું ગાડું, તારી મોજે હાંક...
સામે આવી ઊભશે નોખા-નોખા રોજ વળાંક !
જેને જાવું જેમ-જવા દે,
શીદને કર તું પરવા ?
મળ એને બસ, જે જણ આવે-
તને હોંશથી મળવા !
માન હંમેશાં મનનું કહેવું,
જૂઠા જગના આંક !
બદલે જીવન રોજ પળેપળ,
છોને કૈં-કૈં રૂપ,
છાંવ ગણીને માણી લે તો -
રહે ધૂપ ક્યાં ધૂપ ?
તારી શ્રદ્ધાની ચાદરથી,
જીવતર તારું ઢાંક !

91. ગાડું __________ હાંકવા કહ્યું છે.
(1) ઝડપથી
(2) શ્રદ્ધાથી
(3) ધીમેધીમે
(4) મોજથી

92. જગના આંક __________ છે.
(1) ખોટા
(2) મૂલ્ય વગરના
(3) ખરા
(4) નકામા

93. શ્રદ્ધાની ચાદરથી __________ ઢાંકવાની વાત છે.
(1) મોતને
(2) જીવનને
(3) મુશ્કેલીને
(4) યુવાનીને

94. કાવ્યમાં કવિ __________ વાત માનવાનું કહે છે.
(1) બીજાની
(2) શીખામણની
(3) મનની
(4) પોતાની

95. 'આંક' શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.
(1) નિશાની
(2) રેખા
(3) ઘડિયા
(4) મૂલ્ય

96. 'છાંવ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપો.
(1) તાપ
(2) ધૂપ
(3) ગરમી
(4) પડછાયો

*દિશા-નિર્દેશ : નીચે આપેલો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોનામાંથી યોગ્ય પર્યાય શોધી ઉત્તર આપો (પ્રશ્નો 97 થી 105).*

વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝે સભામાં જ્યારે જણાવ્યું કે માનવીની માફક વનસ્પતિમાં પણ જીવ છે ત્યારે તેમના વિરોધી વિજ્ઞાનીઓએ એમને ભીંસમાં લેવાનો વિચાર કર્યો. એક ભારતીય વૈજ્ઞાનિક આવી મહત્ત્વપૂર્ણ શોધ કરે એ ઈર્ષાખોર વિજ્ઞાની સાંખી ન શકતાં પડકાર ફેંકતાં કહ્યું કે જો માણસના જેવો જ જીવ વનસ્પતિમાં હોય તો તેને ઝેર આપતાં જેમ માણસના અંગો શિથિલ થઈ જાય તેમ વનસ્પતિમાં પણ થવું જોઇએ ?

જગદીશચંદ્ર બોઝે આ પુરવાર કરવા ઈર્ષાખોર વિજ્ઞાનીએ આપેલ ઝેર ઇન્જેકશન વાટે વનસ્પતિમાં દાખલ કર્યું. પણ વનસ્પતિ પર તેની કોઈ અસર ન થઇ. પેલો દ્વેષીલો ઠઠા-મશ્કરી કરવા લાગ્યો અને બોઝનો સિદ્ધાંત બેબુનિયાદ બતાવ્યો. બોઝે શાંતિથી એ જ સમયે વધેલું ઝેર પોતાના મોંમાં રેડી દીધું. બધાના મોંમાંથી આહ નીકળી ગઈ બધાને આશ્ચર્ય થયું. એમને કશું થયું નહિ. મતલબ તે ઝેર નહોતું ઈર્ષાખોર વિજ્ઞાનીની તરકીબ ખુલ્લી પડી ગઈ. તેણે કબૂલી લીધું કે તે ઝેર નહોતું. તેની દાનત ખોરી હતી. તે જગદીશચંદ્ર બોઝને નીચો દેખાડવા માગતો હતો. પણ તે ખુલ્લો પડયો. તેણે જગદીશચંદ્ર બોઝની માફી માગી. જગદીશચંદ્ર બોઝે હસીને તેની પીઠ પર હાથ ફેરવ્યો અને તેઓએ આત્મશ્રદ્ધાથી પોતાનો સિદ્ધાંત સાબિત કર્યો.

**97.** જગદીશચંદ્ર બોઝે __________ શોધ કરી.

(1) વનસ્પતિને ઝેર આપવાથી કોઈ અસર થતી નથી તેની

(2) વનસ્પતિ ઓક્સિજન તૈયાર કરે છે તેની

(3) વનસ્પતિમાં જીવ નથી હોતો તેની

(4) વનસ્પતિમાં જીવ છે તેની

**98.** બીજો વિજ્ઞાની હતો

(1) ઈર્ષાખોર

(2) ઝેરીલો

(3) ચાલાક

(4) કપટી

99. ઇન્જેકશનની વનસ્પતિ પર કોઇ અસર ન થઇ કારણ કે

(1) તેમાં કોઈ પોષક દ્રવ્ય હતું

(2) તેમાં ઝેરનું દ્રવ્ય હતું જ નહિ

(3) તેમાં પાણી હતું

(4) તેમાં ઝેરનું મારણ હતું

100. જગદીશચંદ્ર બોઝ બાકીનું ઝેર પી ગયા કારણ કે

(1) તેઓ બીજા વિજ્ઞાનીને ખોટો પાડવા માગતા હતા

(2) તેઓ બીજા વિજ્ઞાનીનો સિદ્ધાંત બેબુનિયાદ છે તે બતાવવા માગતા

(3) તેઓ સાબિત કરવા માગતા હતા કે તે ઝેર નથી

(4) તેઓને તે પીવાનું મન થયું

101. જગદીશચંદ્ર બોઝમાં __________ નો ગુણ જોવા મળે છે.

(1) આત્મશ્રદ્ધા

(2) વિવેક

(3) દઢતા

(4) ધગશ

102. ઈર્ષાખોર વિજ્ઞાનીમાં __________ ન હતી.

(1) વૈજ્ઞાનિક સમજ

(2) સહનશક્તિ

(3) વિવેકબુદ્ધિ

(4) જિજ્ઞાસા

103. 'ઝેર પીતાં એને કશુંક થયું' નકારાત્મક કરો

(1) ઝેર પીતાં એને કશુંય થયું નથી

(2) ઝેર પીતાં એને કંઇ નું કંઇ થતું નથી

(3) ઝેર પીતાં એને કંઇક ન થયું

(4) ઝેર પીતાં એને કશુંય થયું નહિ

104. 'બોઝ બધું ઝેર મોંમાં રેડી દે છે' – ભૂતકાળમાં ફેરવો

(1) બોઝ બધું ઝેર મોંમાં રેડી દેતો હતો

(2) બોઝે બધું ઝેર મોંમાં રેડયું

(3) બોઝ બધું ઝેર મોંમાં રેડી દીધું હતું

(4) બોઝે બધું ઝેર મોંમાં રેડી દીધું

105. સમાનાર્થી શબ્દ આપો 'વાટે'

(1) રસ્તે

(2) માધ્યમ

(3) દિવેટ

(4) મારફત

*દિશા-નિર્દેશ : યોગ્ય પર્યાય પસંદ કરી નીચેના પ્રશ્નોના ઉત્તર આપો (પ્રશ્નો 106 થી 120).*

106. ભાષા અધ્યયન દરમિયાનનો એક કટોકટીનો તબક્કો હોય છે

(1) કોઇ પણ ભાષા પ્રકલ્પ માટેની તૈયારીનો સર્વોત્તમ સમય

(2) વિદ્યાર્થીઓને ભાષાના તીવ્ર મહાવરા માટે જુદો ફાળવવામાં આવેલો સમય

(3) જયારે બીજા કોઇ તબક્કા કરતાં ભાષા વધારે સહેલાઇથી આત્મસાત થાય છે

(4) વર્ગમાં સર્વગ્રાહી મૂલ્યાંકન થાય તે પહેલાંનો સમય

107. સારાંશ લખવા માટે જરૂરી બે કુશળતા

(1) મુખ્ય મુદ્દા અને ગૌણ મુદ્દા વચ્ચેનો તફાવત સમજી, વિચારોની શ્રેણી સમજવી

(2) સંયોજકનો ઉપયોગ કરી ચોકસાઇથી લખવું

(3) શબ્દોને બદલે પ્રતીકનો ઉપયોગ, ચોક્કસ, લેખન

(4) કોઇ પણ પાઠને પોતાના શબ્દોમાં ફરીથી લખવો

108. વિદ્યાર્થીઓને ક્રિયાપદના જુદા જુદા કાળ સમજવામાં મુશ્કેલી પડતી હોય ત્યારે ઉપાય હોઇ શકે

(1) વર્ગની બહાર પણ વ્યાકરણની રચના શીખવવામાં આવે

(2) વિદ્યાર્થીઓ પરસ્પર સહયોગથી રચનાઓનો અભ્યાસ કરે, જે વિવિધ પ્રકારના વાસ્તવિક સંદર્ભ ઉપર આધારિત હોય

(3) અમુક પ્રકારની વાક્યરચનાનો અભ્યાસ કરવાની પર્યાપ્ત તક આપવી

(4) વિદ્યાર્થીઓ પોતાની જાતે વાક્ય રચના કરે અને તે દરમિયાન શિક્ષક માર્ગદર્શન આપે

109. સાતત્યપૂર્ણ સમગ્રવ્યાપી મૂલ્યાંકન એટલે

(1) શિક્ષણકાર્ય ઉપર વધારે ધ્યાન આપી શકાય

(2) શિક્ષકો વિદ્યાર્થીઓ પર વધુ નિયંત્રણ રાખી શકે

(3) વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન નિયમિત રીતે થતું રહે

(4) વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનો આનંદ મેળવતા રહે

110. ''સર્જનાત્મક વાંચન'' ના ઉદાહરણ છે

(1) જુદા જુદા અભિગમથી નાટકીકરણ, ભાગ ભજવવો અને પુનર્લેખન કરવું

(2) અર્થ સમજી લેવા માટે વાંચન

(3) પુસ્તકાલયમાં વિષયને લગતી અધિક માહિતી મેળવવા શોધ કરવી

(4) સંબંધિત જાણકારી માટે ઇન્ટરનેટનો ઉપયોગ કરવો

111. 'તારવવું' એટલે શું ?

(1) સુસંગત જાણકારી વાંચીને તેને લેખિત રૂપમાં ફેરવવું

(2) વાંચતી વખતે વિચારો, સૂચિત અર્થ અને સંરચના વિષે અભિપ્રાય કેળવવા

(3) પાઠને ત્વરાથી જોઇને સાધારણ વિષયવસ્તુ, મધ્યવર્તી કલ્પના અને સારાંશનો અંદાજ મેળવવો

(4) પાઠ ઉપર નજર ફેરવી ખાસ જાણકારીના મુદ્દા શોધી અસંગત માહિતીની ઉપેક્ષા કરવી

112. 'પાઠ્યની સુસંગતતા' દર્શાવે છે

(1) ઢંગ-ઘડા વગરની માહિતીના પ્રવાહને લાંબા સાતત્ય પાઠના રૂપમાં ફેરવવું

(2) સર્વનામ, ઉભયાન્વયી અવ્યય તેમ જ સમાનાર્થી શબ્દોના ઉપયોગથી ફકરા/વાક્યો વચ્ચે સંબંધ સ્થાપવો

(3) વાર્તા કહેવાના ક્રમ મુજબ ફકરાઓની ગોઠવણ કરવી

(4) કોઇ પણ ફકરામાં માહિતીનું પ્રસ્તુતિકરણ તાર્કિક રીતે કરવું

113. 'યથાર્થ શ્રવણ' નિર્દેશ કરે છે

(1) સ્વાભાવિક વાતચીતને કથન કે ધ્વનિ મુદ્રિત રૂપમાં સાંભળવું

(2) શિક્ષકે વાંચી સંભળાવેલ ભાષણ જે અર્ધલિખિત કે સ્વયંસ્ફુરિત હોઇ તેને સાંભળવું

(3) આપેલ કામ માટે ખાસ માહિતી મેળવવા ધ્યાનથી સાંભળવું

(4) શ્રવણકાળનો એ તબક્કો જ્યારે સાંભળનાર આપેલ કામ પૂરું કરે છે

114. લખવામાં અને બોલવામાં કેવા પ્રકારનો ફરક હોય છે ? લખવામાં

(1) વ્યાકરણના માળખા ઉપર આધાર નથી હોતો

(2) મોટે ભાગે મુક્ત

(3) અનાવશ્યક વસ્તુ કે પુનરાવર્તનનો અભાવ હોય છે

(4) ગતિવિધિઓ આધારિત વધુ અસ્ખલિતા હોય છે

115. અંગ્રેજી ભાષાના વર્ગમાં બોલવાની પારિસ્પરિકતાં સૂચવે છે

(1) કોઇના મૌખિક અથવા લિખિત સંદેશવ્યવહારના પરિણામ મુજબ માહિતી આપવી

(2) ઔપચારિક ભાષણ અથવા સ્વ

(3) અટકયા વિના સહજ રીતે અને વિશ્વાસપૂર્વક ભાષા વાપરવી

(4) સાંભળનારના પ્રતિસાદ મુજબ બોલવામાં જરૂરી ફેરફાર કરવો

116. વિદ્યાર્થીની મૌખિક ક્ષમતા કેળવવા માટે ધ્વનિ શૃંખલા નો ઉપયોગ કઇ રીતે કરી શકાય ?

(1) રમૂજી અથવા અન્ય દશ્ય ચિત્રોનો ઉપયોગ કરી મૌખિક ગતિવિધિઓની રચના કરવી

(2) વિદ્યાર્થીઓને ઓછામાં ઓછા મુદ્દા અથવા રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી પોતાના શબ્દોમાં વાર્તા કહેવા કહેવું

(3) ધ્વનિ મુદ્રિત શ્રેણી સાંભળીને વિદ્યાર્થીઓને વાર્તાનું અર્થઘટન તેમજ વાર્તાના રૂપમાં સમજાવવા કહેવું

(4) મૌખિક ગતિવિધિઓ સાથે પ્રાયોજિત શુદ્ધલેખનનો સમન્વય કરવો

117. સ્વગત મૂલ્યમાપન કરનારી કોઇ પણ ત્રણ પેટાક્ષમતા આ પ્રમાણે છે

(1) અવાજની ગુણવત્તા, શૈલી, વકતાનું વ્યક્તિત્વ

(2) વકતાનું અનુમાન, લહેકો, સંદર્ભ

(3) હાવભાવ, વકતાની અનુમાન કરવાની ક્ષમતા અને વકતાનું વ્યક્તિત્વ

(4) લહેકો, અવાજની ગુણવત્તા, ગતિ

118. ભાષા સંપાદન માટેનું અયોગ્ય વાતાવરણ ત્યાં હોય જયાં

(1) ઘરમાં અંગ્રેજીનો ઉપયોગ બિલકુલ ન થતો હોય

(2) તમારા વિદ્યાર્થીઓને કોઈ પ્રકારની તક ઉપલબ્ધ ન હોય

(3) હિંદી/માતૃભાષા સંપર્ક ભાષા હોય

(4) અંગ્રેજી ભાષાનો ઉપયોગ વર્ગકક્ષા પૂરતો મર્યાદિત હોય

119. કઈ જોડી "વૈચારિક શૈલી" નો પ્રકાર સૂચવે છે ?

(1) સક્રિય/નિષ્ક્રીય

(2) ક્ષેત્રાપેક્ષિત/ક્ષેત્રનિરપેક્ષ

(3) સ્પર્ધાત્મક/સહકાર્યાત્મક

(4) અર્થનિરુપણાત્મક/મૂળભૂત

120. પૂછપરછ આધારિત અધ્યયન (EBL) એટલે

(1) એવી શૈક્ષણિક વ્યૂહરચના જેમાં વિદ્યાર્થીઓ સહભાગી થઇ સમસ્યાનું સમાધાન કરી પોતાના અનુભવોનું મનન-ચિંતન કરે

(2) ભાષા અધ્યયનનો અભિગમ કહેવાય તેવો સિદ્ધાંત

(3) વ્યવસ્થિત પ્રસ્તુતિકરણ અને કૌશલ્યોનો અભ્યાસ અને આશયનું માધ્યમ

(4) અર્થસંબંધી અભ્યાસક્રમ જેમ કે વૈચારિક વ્યાવહારિક અભ્યાસક્રમ

પરીક્ષાર્થી નિમ્ન ભાગ ના સવાલો ના જવાબ ત્યારે જ આપે જયારે તેમને **ભાષા - II** નું વિકલ્પ ગુજરાતી ચયનીત કર્યો હોય.

## ભાગ V

## ભાષા II

## ગુજરાતી

*દિશા-નિર્દેશ : યોગ્ય પર્યાય પસંદ કરી નીચેના પ્રશ્નોના ઉત્તર આપો (પ્રશ્નો 121 થી 135).*

**121.** ભાષાગ્રહણ

(1) પ્રથમ અથવા બીજી ભાષા શીખવાની પ્રક્રિયા જે માનવી ભેજાની જન્મજાત ક્ષમતાને લીધે થાય છે તેનો નિર્દેશ કરે છે

(2) બાળકો જે વાતાવરણમાં પોતાની માતૃભાષા શીખે છે એવું વાતાવરણ ફરીથી ઊભું કરવાની રીત છે

(3) ગોખણપટ્ટી અને જરૂરી શબ્દોના ઉપયોગથી થાય છે

(4) વ્યવસ્થિત રીતે વ્યાકરણના પૃથક્કરણ અને સમજ તેમ જ શબ્દોને યાદ રાખવાથી થાય છે

**122.** નોઅમ ચૉમસ્કી નિર્દેશિત "આંતરસ્તરીય સંરચના" નો અર્થ છે

(1) એક એવું વલણ છે જેમાં અંગ્રેજી દુનિયાની સૌથી સહાયક ભાષા માનવામાં આવે છે

(2) સર્વવ્યાપી વ્યાકરણ જે બધી ભાષાઓના મૂળમાં છે અને જે માનવીના ભેજાની જન્મજાત ક્ષમતા ઉપર આધારિત છે

(3) ગૂઢ વ્યાકરણના નિયમો ઊંડા અને તીવ્ર અભ્યાસથી શીખવવામાં આવે છે

(4) પરિવર્તિત વ્યાકરણ જેને લીધે ક્રમશ: તુલનાત્મક ભાષાશાસ્ત્રમાં રુચિ પેદા કરવામાં આવે છે

**123.** નિયત પાઠ્યક્રમનો 'તળપદી નમૂનો' એ હોય છે જયાં

(1) જયાં શીખવાની પ્રક્રિયા કારકિર્દી તરફ લઇ જાય છે

(2) જરૂરિયાત મુજબ દૂરશિક્ષણ જેનો વિદ્યાર્થી પર પરોક્ષ રીતે પ્રભાવ પડે છે

(3) એ એવા સૉફટવેર પર શિક્ષણકાર્ય આધારિત હોય છે જેથી વિદ્યાર્થીઓને પાઠયક્રમ મિત્ર જેવો લાગે

(4) એવો પાઠયક્રમ જે વિદ્યાર્થીઓની સ્વતંત્ર ગતિશીલતાને તક આપે છે, જયાં પાઠયક્રમમાં અધિક ગતિવિધિઓ પસંદ કરવાની છૂટ મળે છે અને જે કાર્ય શીખવા માટે ઉત્તેજન મળે છે

124. માનવતાવાદી અભિગમ ખાસ કરીને સંબંધ ધરાવે છે.

(1) એવી પ્રક્રિયા જેથી વિદ્યાર્થીઓ નવી સંરચનાની શોધ પોતાની જાતે કરી શકે

(2) પ્રક્રિયા જયાં ક્રમશઃ જોડાયેલ વિષય વસ્તુ શીખવવામાં આવે

(3) વિષયવસ્તુ ઉપર તેનાં બધાં લક્ષણો સાથે પ્રભુત્વ

(4) શીખેલ સંરચના, વસ્તુ, વિચાર વ્યવસ્થા અને નિયમોનો ઉપયોગ નવા સંદર્ભમાં

125. એક "ખાસ જરૂરિયાતોનો કક્ષાવર્ગ" આદર્શ રીતે

(1) બધા પ્રકારના વિદ્યાર્થીઓનો સમાવેશ કરે

(2) નિયમિત શિક્ષકો ઉપરાંત તેમની સહાયતા માટે વધારાના શિક્ષકો હોય

(3) જે જુદી રીતે સજાવવામાં આવ્યો હોય

(4) જુદી જગ્યાએ હોવો જોઇએ

126. વાંચન પૂર્વેની ગતિવિધિઓનો આશય શું હોય છે ?

(1) પાઠમાં રુચિ પેદા કરવી

(2) શીખવાના આનંદદાયક અનુભવ પૂરા પાડવા

(3) નવા શબ્દો શીખવવા

(4) વિદ્યાર્થીઓનું જ્ઞાનવર્ધન કરવું

127. 'કદાપિ હતોત્સાહ ન થવું' એવો અભિગમ કેળવવા માટે ઉપયુકત કાર્યવિધિ એવી હોવી જોઇએ જયાં વિદ્યાર્થીઓ

(1) જૂથમાં સૂચકાંક બનાવવા જે દર્શાવે કે જીવનમાં વિદ્યાર્થીઓને કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે

(2) પ્રાધ્યાપકની પરવાનગી મેળવી અંગ્રેજીના વર્ગ દરમિયાન બહાર જઇને રમવું

(3) વાલી-શિક્ષકની મીટિંગ દરમિયાન લોકપ્રિય ગીતો ગાય અને પોતાની કલા અને હસ્તકલાના નમૂના પેશ કરે

(4) પોતાના બનાવેલ કાગળના વિમાનમાં ફેરફાર કરી તેને ફરીથી ઉડાડી તે દૂર સુધી ઊડે એવા પ્રયોગ કરી બીજાઓને તે અનુભવમાં ભાગીદાર બનાવવા

128. પ્રાથમિક શાળાના સ્તર પર વાંચન કૌશલ્યનું મૂલ્યાંકન કરવા માટે સૌથી અસરકારક રીત છે

(1) મૌખિક મુલાકાત જેથી તેમણે કેટલું વાંચ્યું છે તે જાણી શકાય

(2) લઘુ પ્રકલ્પ તરીકે 50 શબ્દોમાં પાઠ/પુસ્તકની સમીક્ષા લખવા કહેવું

(3) મૌખિક પરિક્ષણ જે શબ્દોના અને રૂઢિપ્રયોગના અર્થ પર આધારિત હોય

(4) લેખિત પરીક્ષા જે વાર્તા/પાઠનાં પાત્રો તેમજ ઘટનાઓ ઉપર આધારિત હોય

**129.** અભ્યાસક્રમ વિકાસ નીચેના ક્રમ મુજબ હોય છે

(1) જરૂરિયાતોનું વિશ્લેષણ, ઉદ્દેશ્યો બનાવવાં, પાઠ/શીખવાના અનુભવોની પસંદગી, મૂલ્યમાપન

(2) ઉદ્દેશ્યો બનાવવા, જરૂરિયાતોનું મૂલ્યમાપન, મૂલ્યાંકન, પાઠ/શીખવાના અનુભવોની પસંદગી

(3) ઉદ્દેશ્યો બનાવવા, જરૂરિઆતોનું મૂલ્યાંકન, પાઠ/શીખવાના અનુભવોની પસંદગી, મૂલ્યમાપન

(4) પાઠ/શીખવાના અનુભવોની પસંદગી, જરૂરિયાતોનું મૂલ્યાંકન, ઉદ્દેશ્યો બનાવવા, મૂલ્યમાપન

**130.** વિદ્યાર્થીઓને પરોક્ષ અનુભવ આપનાર માધ્યમો છે

(1) પ્રદર્શન ફલક, ચલચિત્રના ભાગ

(2) ક્ષેત્રબદલી, નિરીક્ષણ

(3) વાસ્તવિક પદાર્થો અને નમૂનાઓ

(4) ભાવવાચક (અમૂર્ત) શબ્દો, વિશિષ્ટ બાબતોનો વાસ્તવિક અભ્યાસ (case study)

**131.** કૉમ્પ્યુટર આધારિત શિક્ષણ (CAI) 'ઉદ્દીપન પદ્ધતિ' એટલે જયાં વિદ્યાર્થીઓ

(1) ક્રમિક પાઠાભ્યાસ અને પુનરાવર્તન અભ્યાસ

(2) સમસ્યાઓ આપવામાં આવે છે જે કોશિશ અને ભૂલ સુધાર (trial and error) થી હલ કરવામાં આવે છે

(3) વાસ્તવિક તંત્રો અને ઘટનાઓનો અનુભવ કરે

(4) જાણકારીના અંશ મેળવી તરતજ પ્રશ્નો અને પ્રતિસાદ (feedback) મેળવે

**132.** કોઈ 'શ્રવણોત્તેજક'

(1) સારી રીતે પ્રસ્તુ કરેલ અહેવાલ સાંભળી તેનો સારાંશ તૈયાર કરવો

(2) વિદ્યાર્થીઓને સાંભળીને કામ પૂરું કરી પ્રસ્તુત કરવાને સક્ષમ કરે છે

(3) જુદા જૂથમાં વિદ્યાર્થીઓને સંભળાવી ત્યારબાદ ભેગા થઇ તેમણે શું સાંભળ્યું છે એની તુલના કરે છે

(4) અધૂરી જાણકારીની ગતિવિધિ રજૂ કરે છે જેમ કે દિશા સૂચન

**133.** બોલવાના મૂલ્યમાપનમાં સમાવેશ કરવામાં આવે છે "આપસના ક્રમ"

(1) અન્ય વ્યક્તિ સાથે 'ટેલિફોન પર વાતચીત'

(2) મૂલ્યમાપન કરનારા માટે બે કે બેથી વધુ પદાર્થો/સ્થળો/ઘટનાઓની તુલના કરવી

(3) અર્થોની વાટાઘાટ, બોલવાના અને સાંભળવાના વારા લેવા

(4) ઔપચારિક રીતે શાળા અને તેના પરિસરનું વર્ણન કરવું

**134.** લેખનમાં 'પુનર્શોધ ક્ષમતા'

(1) વિસ્તૃત સંદર્ભશોધ કરવાની ક્ષમતા

(2) સાંભળતી/વાંચતી વખતે જાણકારીનું સંગઠન કરવું

(3) નોંધ કરવી અને નોંધ રાખવી

(4) આકૃતિ આલેખવી અને સંક્ષિપ્ત સાર બનાવવો

**135.** 'જાણકારીની વૃદ્ધિ કરનાર' (awareness raising) વ્યાકરણની રમતો વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરે છે

(1) શિક્ષક વ્યાકરણની સંરચનાનું નિયંત્રણ કરતા હોય ત્યારે અર્થનો અનુભવ અને અનુભૂતિ કરવાં

(2) આપેલ વિષય પર સંરચનાનો ઉપયોગ કરી એકબીજાની સાથે સંવાદ/વાતચીત કરવી

(3) શીખેલી સંરચના વિષે સમજપૂર્વક વિચાર કરવો

(4) કોઇ પણ કાર્યપૂર્તિ માટે પરસ્પર સહયોગ કરવો

*દિશા-નિર્દેશ : નીચે આપેલો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોમાંથી યોગ્ય પર્યાય શોધી ઉત્તર આપો (પ્રશ્નો 136 થી 144).*

ગોપાલકૃષ્ણ ગોખલે નાના હતા. એમના બાળપણનો પ્રસંગ છે. તેઓ એક શાળામાં અભ્યાસ કરતા હતા. એકવાર એમના શિક્ષકે શાળાના વિદ્યાર્થીઓને ઘેરથી થોડા દાખલા ગણી લાવવા કહ્યું. ગોખલે ઘેર આવ્યા, એમને એક મિત્ર હતો. એ મિત્રની મદદ લઇને ગોખલેએ દાખલા ગણ્યા. બીજે દિવસે તે શાળામાં આવ્યા.

શિક્ષકે બધાના દાખલા તપાસ્યા. ગોખલેના બધા જ દાખલા ખરા પડયા. શિક્ષક ખુશ થયાં. એમણે ગોખલેને ઇનામ આપવા માંડયું.

ગોખલે પોતાની જગ્યાએથી ઊભા થયા. શિક્ષક તરફ તેમણે થોડાં પગલાં ભર્યાં. પણ કશીક વસ્તુ યાદ આવતાં તેઓ ત્યાં જ ઊભા રહી ગયા.

વિદ્યાર્થીઓ અને શિક્ષક તેમની તરફ જોઇ જ રહયા. ગોખલેના મુખ પર એક જાતની ઉદાસી છવાઈ ગઈ. તેમની આંખમાંથી શ્રાવણ ભાદરવો વરસવા લાગ્યો. શિક્ષક આ જોઇને તાજુબ પામ્યા.

એમણે ગોખલેને પૂછયું, "તને તો ઇનામ મળે છે. આ પ્રસંગે તને તો આનંદ થવો જોઇએ. આમ રડાય નહિ. મને કહે તો ખરો કે તું હસવાને બદલે રડે છે શા માટે ? શું થયું મને ડર્યા વિના જણાવ."

ગોખલેએ નિખાલસતાથી કહ્યું, "સાહેબ, હું આ ઇનામનો અધિકારી નથી."

શિક્ષકે તેની પીઠ થાબડતાં કહ્યું, "તારો જ અધિકાર છે. તારા બધા દાખલાઓ ખરા છે. તું હંમેશાં પહેલા નંબરે આવે છે. એટલે તું એ ઇનામને પાત્ર કરે છે."

ગોખલેએ કહ્યું, "સાહેબ, દાખલા સાચા છે એ વાત ખરી છે પણ એમાં મેં મારા એક મિત્રની મદદ લીધી છે. મેં જાતે ગણ્યા નથી. તેથી હું ઇનામનો હકદાર નથી." શિક્ષક અને વિદ્યાર્થીઓ આ સાંભળી જ રહયા.

ગોખલેની આ સચ્ચાઇ સાંભળી તેની છાતી ગજ ગજ ફૂલી ગઇ. તેઓએ મનમાં ને મનમાં કહ્યું. "જયાં સુધી આવાં બાળકો ભારતમાં વસે છે ત્યાં સુધી ભારતની સંસ્કૃતિની પ્રણાલીને ઊની આંચ પણ નહિ આવે. આવા સત્યનિષ્ઠ, નીડર, હોંશિયાર વિદ્યાર્થીઓના હાથમાં બાગડોર આવશે તો ભારતનો ઉત્કર્ષ નિશ્ચિત જ છે."

136. શિક્ષકે વિદ્યાર્થીઓને ગૃહકાર્યમાં ________ કહ્યું.

(1) અભ્યાસ કરવા

(2) દાખલા ગણી લાવવા

(3) દાખલા બેસાડવા

(4) દાખલા ગણી લાવવા

137. ગોખલેને મન ઇનામનો અધિકારી ________ હતો.

(1) તેને મદદ કરનાર વિદ્યાર્થી

(2) તેને મદદ કરનાર મોટોભાઈ

(3) તેને મદદ કરનાર મિત્ર

(4) તેને મદદ કરનાર શિક્ષક

138. શિક્ષક તરફથી ગોખલેને ઇનામ મળ્યું કારણ કે

(1) તે હંમેશાં સાચું બોલતા

(2) તેના બધા દાખલા ખરા હતા

(3) તેને મિત્રની મદદથી દાખલા ગણ્યા હતા

(4) તે હંમેશા વર્ગમાં પહેલા આવતા

139. સારા ગુણો ધરાવાથી ભારતની ________ અખંડ રહેશે.

(1) કલા કારીગરી

(2) સંસ્કૃતિ

(3) ધાર્મિકતા

(4) શૈક્ષણિક વ્યવસ્થા

140. 'શિક્ષકે બધાના દાખલા તપાસ્યા' – આ વાકયને સાદા વર્તમાનકાળમાં બદલો.

(1) શિક્ષક બધાના દાખલા તપાસે છે

(2) શિક્ષક બધાના દાખલા તપાસી રહયા છે

(3) શિક્ષક બધાના દાખલા તપાસતા

(4) શિક્ષકે બધાના દાખલા તપાસ્યા છે

141. ગોખલેની __________ સાંભળી શિક્ષકને અતિ આનંદ થયો.

(1) સચ્ચાઇ

(2) દુ:ખભરી વાત

(3) ઉદારતા

(4) ભલમનસાઇ

142. 'પીઠ થાબડવી' એટલે

(1) શાંત્વના આપવી

(2) સલાહ આપવી

(3) પીઠ પર હાથ ફેરવવો

(4) પ્રોત્સાહન આપવું

143. 'છાતી ગજ ગજ ફૂલવી' એટલે

(1) છાતી ભરાઇ આવવી

(2) આનંદ થવો

(3) ગર્વ થવો

(4) છાતી પહોળી થવી

144. 'બાળપણ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપો

(1) ઘડપણ

(2) ગળપણ

(3) યુવાની

(4) ડહાપણ

*દિશા-નિર્દેશ : નીચે આપેલો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોમાંથી યોગ્ય પર્યાય શોધી ઉત્તર આપો (પ્રશ્નો 145 થી 150).*

આજથી દોઢસો વર્ષ પહેલાં અલેકઝાન્ડર કિન્લોક ફાર્બસે ગુજરાતી ભાષા અને સાહિત્યના ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કર્યું. ફાર્બસ દલપતરામથી પ્રભાવિત થયા. દલપતરામ ફાર્બસને બે કલાક ગુજરાતી ભાષા ભણાવતા અને બાકીનો સમય ઐતિહાસિક ગ્રંથોની માહિતી મેળવતા. ફાર્બસે ગુજરાતી વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી. દલપતરામે તેમને ખૂબ સાથ આપ્યો. તેની ખ્યાતિ પ્રસરી. ફાર્બસ ઇગ્લેંડ પાછા ગયા. એના સ્થાને કર્ટિઝ આપ્યા.

દલપતરામે બીજે વધુ પગાર મળતો હોવાથી સોસાયટીની વીસ રૂપિયાની નોકરી છોડી દીધી હતી. સોસાયટીનું કામ શિથિલ બની જવાથી કર્ટિસે વિનંતી કરતાં દલપતરામને પાછા બોલાવ્યા. પણ તેઓએ વિનયથી ના પાડી. પાછી ત્યાંની આવક સારી હતી તેથી થોડા પગારમાં તેઓ કામ કરવા ઇચ્છતા ન હતો.

કાર્ટિઝે ફાર્બસને જણાવ્યું કે તમે દલપતરામને વિનંતી કરો તો તે કદાચ કામ સ્વીકારે. દલપતરામ તમારા ખાસ મિત્ર છે. તે તમારું દિલ નહિ દુભાવે. ફાર્બસે

દલપતરામને પત્ર લખ્યો અને સોસાયટીમાં જોડાવા કહ્યું. દલપતરામ સારા પગારની નોકરી છોડી મૈત્રી માટે વીસ રૂપિયાના પગારે સોસાયટીમાં પાછા જોડાયા. સાચી મૈત્રીમાં કદી ધનનો માપદંડ હોતો નથી. મૈત્રી હૃદયમાં વસે છે જે આનંદ આપે છે. મિત્રતામાં પોતાની જાન પણ ન્યોછાવર કરતાં અચકાતા નથી. એવી પણ ઘણી મહાન વ્યક્તિઓ છે.

**145.** ફાર્બસનું યોગદાન __________ માં છે.

(1) ગુજરાતી વર્નાક્યુલર સોસાયટી

(2) ગુજરાતી ઐતિહાસિક ગ્રંથ

(3) ગુજરાતી ભાષા અને સાહિત્ય

(4) ગુજરાતી ભાષા અને વ્યાકરણ

**146.** દલપતરામ ગુજરાતી ભાષા __________ શીખવતા.

(1) કર્ટિઝને

(2) કિન્લોક ફાર્બસને

(3) વર્નાક્યુલર સોસાયટીના અન્યભાષી ઑફિસરોને

(4) શાળાના વિદ્યાર્થીઓને

**147.** દલપતરામે __________ માટે સારા પગારની નોકરી છોડી.

(1) મિત્રતા

(2) સોબત

(3) કર્ટિઝ

(4) ફાર્બસ

**148.** સાચી મિત્રતામાં __________ મહત્ત્વ નથી.

(1) મિત્રને

(2) પૈસાને

(3) કામને

(4) નોકરીને

**149.** 'દિલ દુભાવવું' યોગ્ય અર્થ નક્કી કરી લખો.

(1) ચોખ્ખી ના પાડવી

(2) દિલ તોડવું

(3) માન નહિ રાખવું

(4) દુઃખી કરવું

**150.** 'આવક' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપો.

(1) જાવક

(2) ખરચ

(3) આયાત

(4) ઉડાઉ

# SPACE FOR ROUGH WORK

**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો માંથી સહી ઉત્તર માટે ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પૃષ્ઠ-2 માં એકજ વૃત ને બ્લૂ/કાળાં બૉલ પાઇંટ થી જ ભરવું. એક વાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
2. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તર પત્ર ને વાળવા માં ન આવે અને તે ઉપર બીજો કોઇ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તર પત્ર માં નિર્ધારિલ જગ્યા સિવાય બીજે કયાંય ન લખે.
3. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તર પત્ર નો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઇપણ પરિસ્થિતિ માં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તર પત્ર ના સંકેત (code) અથવા સંખ્યા માં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
4. પરીક્ષા પુસ્તિકા/ઉત્તર પત્ર માં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજિરી-પત્ર માં લખવું.
5. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હાલ/કક્ષ માં પ્રવેશ કાર્ડ સિવાય ની કોઈ પણ જાત ની પાઠ્ય સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત, કાગળ ની પર્ચિયો, પેજર, મોબાઇલ ફોન, ઇલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઇ પણ જાત ની સામગ્રી ને લઇ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઇ છે.
6. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષક ના માગ્યા મુજબ પોતાનો પ્રવેશ-કાર્ડ દેખાડવો.
7. અધીક્ષક અથવા નિરીક્ષક ની વિશિષ્ટ અનુમતિ વગર કોઇ પણ પરીક્ષાર્થીએ પોતાનો સ્થાન મૂકવો નહિ.
8. કાર્યરત નિરીક્ષક ને પોતાનો ઉત્તર પત્ર આપ્યા વગર અને હાજિરી-પત્ર માં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવા માં આવશે કે તેને ઉત્તર પત્ર પાછો આપ્યો નથી, અને આને અનુચિત સાધન નો મામલો માનવામાં આવશે.
9. ઇલેક્ટ્રોનિક/હસ્તચાલિત પરિકલક નો ઉપયોગ વર્જિત છે.
10. પરીક્ષા હૉલ માં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડ ના બધાજ નિયમોં અને વિનિયમોં સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોં ના બધાજ મામલો ના નિર્ણય બોર્ડ ના નિયમોં અને વિનિયમોં ના અનુસારે જ થશે.
11. ઉત્તર પત્ર અને પરીક્ષા પુસ્તિકા નો કોઈ પણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
12. **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી કક્ષ/હૉલ છોડવા પહેલા ઉત્તર પત્ર કક્ષ-નિરીક્ષક ને અવશ્ય સૌપી દે.** ***પરીક્ષાર્થી પોતાનો સાથે આ પરીક્ષા પુસ્તિકાને લઇ જઈ શકે છે.***

SEAL

**READ CAREFULLY THE FOLLOWING INSTRUCTIONS :**

1. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with Blue/Black Ball Point Pen on Side-2 of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
2. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
3. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
4. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet / Answer Sheet in the Attendance Sheet.
5. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/room.
6. Each candidate must show on demand his / her Admission Card to the Invigilator.
7. No candidate, without special permission of the Superintendent or Invigilator, should leave his / her seat.
8. The candidates should not leave the Examination Hall without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet a second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case.
9. Use of Electronic / Manual Calculator is prohibited.
10. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
11. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
12. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Room / Hall. *The candidates are allowed to take away this Test Booklet with them.***

**निम्नलिखित निर्देश ध्यान से पढ़ें :**

1. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के पृष्ठ-2 पर केवल एक वृत्त को ही पूरी तरह नीले/काले बॉल पॉइन्ट पेन से भरें । एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है ।
2. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ । परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें ।
3. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी ।
4. परीक्षा पुस्तिका / उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाज़िरी-पत्र में लिखें ।
5. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश कार्ड के सिवाय किसी प्रकार की पाठ्य सामग्री, मुद्रित या हस्तलिखित, काग़ज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है ।
6. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-कार्ड दिखाएँ ।
7. अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें ।
8. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं हाज़िरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल नहीं छोड़ेंगे । यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाज़िरी-पत्र पर हस्ताक्षर नहीं किए तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा ।
9. इलेक्ट्रॉनिक / हस्तचालित परिकलक का उपयोग वर्जित है ।
10. परीक्षा-हॉल में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं । अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा ।
11. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें ।
12. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी कक्ष / हॉल छोड़ने से पूर्व उत्तर पत्र कक्ष-निरीक्षक को अवश्य सौंप दें । *परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं ।***